| Immovable Property situated in Jamnagar Dist., Sub Dist. Jamnagar, Jamnagar City in Boundary of Mahanagarpalika, Khetrifali Savjibhai Street, Jamnagar City Survey Mukhybhag "E" Sheet No.1 Paiki City Survey No.25 Paiki Approx **32-79 Sq. Meter** Land(Approx 352-11 Sq. Feet area) & Since 2013 Impect Order of Regularisation No.416 Paiki Ground Floor Approx 27-43 Sq. Meter, First Floor Approx 17-36 Sq. Meter Total Making Construction Approx **44-79 Sq. Meter** acquired Vide Regd. Sale deed No.5402 Dated 10-10-2017 in the Name of Naynaben Bhikhubhai Sodha and bounded by as under :-<br>North : City Survey No. 25 Paiki Other Space<br>South : City Survey No. 25 Paiki Other Space<br>East : City Survey No. 25 Paiki Other Space<br>West : Public Road<br>**(Short Address: Sidi Pir Street, Devubha Chowk, Jamnagar)** | **Rs. 7,56,197=00 + unapplied Interest w.e.f. 01/08/2022 + Legal Expense** | **Rs. 7,63,700/-** | **Rs. 76,400/-** |

**Terms & Conditions : 1.** The immovable property is to be sold on 'As is where is' and 'As is what is' basis. **2.** The purchaser will have to pay any type of Govt. dues / Semi. Govt. dues / Municipal taxes / Electricity Bills etc., if any, due on this property. If any document relating to this property is pending for payment of stamp duty, the purchaser will have to pay the same. **3.** In the court cases, if any, relating to this Property, the orders of the court, would be binding to the purchaser. **4.** The tenderer can bid for any amount, but he is to submit a Banker's Cheque/Demand draft of 10% of Reserve Price as deposit, as mentioned above payable to Rajkot Nagarik Sahakari Bank Ltd., Rajkot with the tender. **5.** One can get tender form from the undersigned or from Jamnagar branch. **6.** The Bank reserves its right to accept or reject any tender. Property may not be sold below reserve price. **7.** The tenderer will be required to pay 25% of the bid price on acceptance of his tender (10% of the reserve price submitted with the tender will be taken into account) **8.** if the successful tenderer will fail to pay the accepted bid price, the amount of deposit will be forfeited by the Bank. **9.** On unacceptance of the tender the amount of deposit will be refunded without any interest thereon. **10.** The authorized officer does hereby state that, the bank is not aware about any charge or tax or liability for the said property. However, the bidder shall ensure by his own sources to find out any charges, lien, encumbrance, property tax, Government dues in respect of the property and the same shall be the responsibility of the tenderers.
***30 days Statutory Sale notice to the Borrower, Guarantors & Mortgagor.**
***Prospective buyer may also visit our website www.rnsbindia.com for sale advertisement.**

**Dt. 30/08/2022** **Authorized Officer,**
**Rajkot.** **Rajkot Nagarik Sahakari Bank Ltd., H.O., Recovery Dept., Rajkot.**

## ADITYA BIRLA HOUSING FINANCE LIMITED

ADITYA BIRLA CAPITAL

**Registered Office- Indian Rayon Compound, Veraval, Gujarat – 362266**
**Branch Office- G Corporation Tech Park, Kasarvadavali, Ghodbunder Road, Thane -400607 (MH)**

**DEMAND NOTICE**
**(under Rule 3 (1) of Security Interest (Enforcement) Rules, 2002)**
**SUBSTITUTED SERVICE OF NOTICE U/s.13 (2) of SECURITISATION AND RECONSTRUCTION OF FINANCIAL ASSETS AND ENFORCEMENT OF SECURITY INTEREST ACT, 2002.**

Notice is hereby given to the borrowers as mentioned below that since they have defaulted in repayment of the Credit facility availed by them from **Aditya Birla Housing Finance Limited (ABHFL),** their loan accounts have been classified as **Non-Performing Assets** in the books of the Company as per RBI guidelines thereto. Thereafter, ABHFL has issued **demand notices** under section 13(2) of the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 (SARFAESI Act) on the last known addresses of the said borrowers thereby calling upon and demanding from them to repay the entire **outstanding amount** together with further interest at thecontractual rate on the aforesaid amount and incidental expenses, cost, charges etc. as stated in the said demand notices. However, the demand notice is also being served by way of publication, as per Rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 (SARFAESI Rules):

| Sl. No | Name and Address Borrower/ Co-Borrower and Guarantor / Co-Guarantor & Loan A/C No. | NPA Date | Date of Demand Notice | Amount due as per Demand Notice /as on Date |
|---|---|---|---|---|
| 1 | **1. VISHAL SINGH,** Flat C-20, 2nd Floor, Rs No 822/1 Nr Patel Park Yakutpura Road, Shivdhara, Warasiya Baroda, Vadodara, Gujarat 390006. **2. MAHESHBHAI MANUBHAI DARAJI,** Flat C-20, 2nd Floor, Rs No 822/1 Nr Patel Park Yakutpura Road, Shivdhara, Warasiya Baroda, Vadodara, Gujarat 390006. **3. VISHAL SINGH,** B 403 Fourth Floor Kanha Icon Kapurai Chowkadi Dabhoi Waghodiya Ring Road Nr Trith Retreat Vadodara Soma Talav Vadodara, Gujarat 390025. **4. MAHESHBHAI MANUBHAI DARAJI,** Narayan Chambers, Pratap Nagar Road, Near Sanstha Vasahat Dandiabazar, Vadodara, Gujarat 390001. **5. VISHAL SINGH,** C/O Vraj Pesticide, Shop No. Gf 16, Kanha Icon Nr. Kapurai Chowkdi Road Vadodara Gujarat 390009. **6. MAHESHBHAI MANUBHAI DARAJI,** C/O Jay Shiya Ram Electrical Dandiya Bazar Pratap Road, Narayan Chamber 390001.<br>**Loan Account No.** LNBAR0HL-04210089995 & LNBAR0HL-04210089994 | **08-08-2022** | **22-08-2022** | **Rs. 12,27,164 /-** (Rupees Twelve Lakh Twenty Seven Thousand One Hundred Sixty Four Only) by way of outstanding principal, arrears (including accrued late charges) and interest till **18.08.2022.** |

**DESCRIPTION OF IMMOVABLE PROPERTY)PROPERTIES MORTGAGED:** All That Piece And Parcel Of Flat No C-20, 2nd Floor Admeasuring 49.72 Sq Meter, I.E., 535 Sq. Ft., Situated At Shivdhara Flat, Registration District Vadodara, Sub District Vadodara, Moje City Vadodara, Bearing R.S. No. 822/1, C.S. No. 210, C.S. No. 162/1/A, Near Patel Park, Yakutpura Road, Warasiya, Vadodara 390006 And Bounded: **East:** Common Passage, Staircase And Ots, **West:** Open Land Of Margin/ Ots, **North:** Internal Road Of Shiv Dhara Flats/ Ots, **South:** Flat No. C-19.

We hereby call upon the borrower stated herein to pay us within 60 days from the date of this notice, the outstanding amount (s)together with further interest thereon plus cost, charges, expenses, etc. thereto failing which we shall be at liberty to enforce the security interest including but not limited to taking possession of and selling the secured asset entirely at your risk as to the cost and consequences.

Please note that as per section 13(13) of the SARFAESI Act, all of you are prohibited from transferring by way of sale, lease orotherwise, the aforesaid secured assets without prior written consent of the Company. Any contravention of the said section by you shall invoke the penal provisions as laid down under section 29 of the SARFAESI Act and / or any other legal provision in this regard.

Please note that as per sub-section (8) of section 13 of the Act, if the dues of ABHFL together with all costs, charges and expenses incurred by ABHFL are tendered to ABHFL at any time before the date fixed for sale or transfer, the secured asset shall not be sold or transferred by ABHFL, and no further step shall be taken by ABHFL or transfer or sale of that secured asset.

**Date: 31.08.2022** **Sd/- Authorised Officer**
**Place: Baroda** **(Aditya Birla Housing Finance Limited)**

### કોરોનાના કપરા કાળ પછી મધ્ય ગુજરાતના ઉદ્યોગ જગત માટે સુવર્ણ કાળનો સુરજ ઉગ્યો

# વડોદરામાંથી ૪૦ હજાર કરોડ અને મધ્ય ગુજરાતમાંથી એક લાખ કરોડની નિકાસ

## વડોદરાના ફાર્મા, રસાયણ, ડાઇઝ, ઇન્ટરમીડિએટ, ઇજનેરી ઉદ્યોગોના માલની વિદેશમાં ધૂમ માગ

વડોદરા,તા.૩૦

બબ્બે વર્ષ સુધી કોરોનાના કપરા કાળમાંથી પસાર થયેલા વડોદરાના વેપાર ઉદ્યોગ જગત માટે સુવર્ણ કાળનો સુરજ ઉગ્યો છે. ચાઈનાના માલનો મોટાભાગના દેશોએ બહિષ્કાર કરતા તેમજ કોરોના પછીથી માલની માગમાં વધારો થતા વડોદરાના ઉદ્યોગોમાંથી અંદાજે રૂપિયા ચાલીસ હજાર કરોડ ઉપરાંતના માલની નિકાસ થવા પામી છે.જે નિકાસ ૪ બિલિયન યુએસ ડૉલરથી વધુ હતી અને ભારતમાંથી કુલ નિકાસના ૧% કરતાં વધુ હતી.જ્યારે મધ્ય ગુજરાતના જિલ્લાઓમાંથી અંદાજે એક લાખ કરોડ ઉપરાંતના માલની નિકાસ કરવામાં આવી છે.જેમાં મહત્તમ નિકાસ દહેજથી થઈ હોવાનું વડોદરા વિસ્તારના ફોરેન ટ્રેડના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ રાહુલ સિંઘે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું. વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ - વીસીસીઆઈ ખાતે ઈન્ટરનેશનલ ટ્રેડ એન્ડ લીજીસ્ટીકના યોજાયેલ સેમિનારમાં વિશેષ વક્તવ્ય આપવાને માટે આવેલ રાહુલ સિંઘે આ માહિતી આપી હતી.જ્યારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જીએમ શક્તિસિંહ ઠાકોરે સરકાર દ્વારા ઉદ્યોગોને અપાતી સહાય અને સબસિડીની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આ બંને મહાનુભાવોએ ઉમેર્યુ હતું કે ડિસ્ટ્રિક્ટ એક્સપોર્ટ પ્રમોશન કમિટી ઉદ્યોગોને મદદ કરવા અને નિકાસ વધારવા માટે વડોદરા એરપોર્ટ પરથી એર કાર્ગો અને કસ્ટમ્સ ક્લિયરન્સ જેવી કેટલીક ભલામણો કરી છે.મુખ્ય વિકાસ કેન્દ્ર તરીકે વિકસતું વડોદરા સમગ્ર દેશના ૧૫ મુખ્ય જિલ્લાઓમાં સમાવિષ્ઠ છે. આ સેમિનારના ઈઈપીસી ઈન્ડિયાના અગ્રણીઓ અને પ્રમુખ વકતાઓએ આંતરરાષ્ટ્રીય વેપાર માટે ક્રેડિટ વીમો, એક્સપોર્ટ ક્રેડિટ સોલ્યુશન અને નિકાસ બિલ નિયમન, આંતરરાષ્ટ્રીય વેપાર અને લોજિસ્ટિક્સ અને અન્ય સંબંધિત શરતો માટે વીમો જેવા વિષયો પર સેમિનારમાં પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેઓએ ઉમેર્યું હતું કે આઈસીડી દશરથની ક્ષમતા પૂર્ણ થઈ ગઈ હોવાથી વરણામામાં એક નવો અંતર્દેશીય કન્ટેનર ડેપો આવશે.

### વડોદરાથી એર કાર્ગોનું સીધું બુકીંગ થાય તો માસિક પાંચ કરોડનો વ્યાપાર

વડોદરા અને આસપાસના ઉદ્યોગોને માલની નિકાસને માટે વડોદરા આંતર રાષ્ટ્રીય હવાઈ મથક પર કૉપિપેન પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી તેમજ અહીં કસ્ટમ ક્લિયરન્સની પણ સુવિધા ન હોવાથી કન્ટેનરને અમદાવાદ મોકલવા પડે છે. જેને કારણે અમદાવાદ પર સમગ્ર આધાર રાખવો પડે છે. આ સંજોગોમાં જો સ્થાનિક કક્ષાએ આ સવલત પુરી પાડવામાં આવે તો માસિક પાંચ કરોડ ઉપરાંતનો વ્યવસાય હોવાનું ઉદ્યોગકારો જણાવી રહ્યા છે.

### મધ્ય ગુજરાતના જિલ્લાઓમાંથી થતી નિકાસ

વડોદરા અને આસપાસમાં આવેલ મધ્ય ગુજરાતના જિલ્લાઓમાંથી થતી વિવિધ ઔદ્યોગિક સામગ્રીની ગત વર્ષની નિકાસ જોવામાં આવે તો વડોદરામાંથી ૩૪,૦૦૦ કરોડ, દહેજમાંથી ૭૨,૦૦૦ કરોડ, પંચમહાલમાંથી ૧૧,૦૦૦ કરોડ, આણંદમાંથી ૩,૫૦૦ કરોડ, ખેડામાંથી ૧,૧૦૦ કરોડ અને દાહોદ જિલ્લામાંથી ૩૦૦ કરોડ જેટલી નિકાસ થાય છે. આ નિકાસમાં મુખ્યત્વે ફાર્મસી, રસાયણો, ટ્રાન્સફોર્મર અને ઈજનેરી માલસામાનની નિકાસ થાય છે.

# સુખ કરતાં દુ:ખ હરતાં મંગલમૂર્તિની આગતા સ્વાગતા માટે ભરૂચવાસીઓમાં ઉત્સાહ

ભરૂચ,તા.૩૦

બે વર્ષના કોરોનાકાળ બાદ આ વર્ષે દુંદાળા દેવ ગણેશજીની માટીની તેમજ પી.ઓ.પી.ની અવનવી ડિઝાઈન અને કલરફુલ શણગારેલી મૂર્તિઓને ગલી શેરીઓમાં નાના મોટા પંડાલોમાં સ્થાપિત કરવામાં આવી છે. ગણેશ ચતુર્થી એ ભારતના સૌથી પ્રખ્યાત તહેવારોમાંનો એક છે. ભારતના લોકો આ તહેવારની આખું વર્ષ આતુરતાથી રાહ જુએ છે. આ તહેવાર આખા દેશમાં ધૂમધામથી ઉજવવામાં આવે છે, જ્યારે કે મહારાષ્ટ્ર રાજ્યમાં તે ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. ગણેશજી તેમના ઘરમાં પ્રસ્થાપિત થશે અને કષ્ટો દુર થશે તેવી આશાઓ સાથે આ તહેવાર સાથે તેમના ઘરોમાં ભગવાન ગણેશનું સ્વાગત કરે છે. ગણેશ ચતુર્થી સમગ્ર દેશમાં આનંદ ફેલાવે છે અને લોકોને ઉજવણી સાથે જોડે છે. આ તહેવાર દેશના પવિત્ર હિંદુ તહેવારોમાંનો એક છે. અંગ્રેજ શાસન દરમિયાન દેશની આઝાદીની ચળવરના ભાગરૂપે મુંબઈમાં સ્વતંત્ર સેનાની લોકમાન્ય બાલ ગંગાધર તિલકના નેજા હેઠળ ગણેશ ઉત્સવ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારે મહારાષ્ટ્ર બાદ ગુજરાત સહિત દેશ અને દુનિયાભરમાં રહેતાં હિંદુઓ ગણેશ ઉત્સવ ધામધૂમથી ઉજવે છે.


મારૂ જુનુ નામ
અર્પિતાબેન અશોકકુમાર પરમાર
હતુ બદલીને નવુ નામ
અર્પિતા અશોકભાઈ ગૌતમ
રાખેલ છે.
બી–૨/30, દીપદર્શન–3,
અટલાદરા, વડોદરા.

મારૂ જુનુ નામ
સોનલ સિંઘ રાઠોર
હતુ બદલીને નવુ નામ
સોનલ રાઠોર
કરેલ છે.
૧૮, જેપી નગર સોસાયટી,
જુના પાદરા રોડ, વડોદરા,

મારૂ જુનુ નામ
પટેલ વિપુલકુમાર નારણભાઈ
હતુ બદલીને નવુ નામ
પટેલ વિપુલ નારાયણભાઈ
કરેલ છે.
પટેલ ફળીયું, સમસપુરા,
પટરવેણી, વડોદરા.

મારૂ જુનુ નામ સોની કાશીમરા
(Kashimra) અતુલકુમાર
હતુ બદલીને નવુ નામ
સોની કાશ્મીરા અતુલકુમાર
રાખેલ છે.
ડી/૧૮૮, સાંઈદીપ નગર,
વીઆઈપી રોડ, વડોદરા.

મારૂ જુનુ નામ
પટેલ નિરૂબેન નારણભાઈ
હતુ બદલીને નવુ નામ
પટેલ નિરૂબેન નારાયણભાઈ
કરેલ છે.
પટેલ ફળીયું, સમસપુરા,
પટરવેણી, વડોદરા.


# દહેજ સેઝ-૨ની કેમલીન ફાઈન સાયન્સ કંપનીમાં આગ : સદનસીબે જાનહાની ટળી

ભરૂચ,તા.૩૦

ભરૂચ જિલ્લો ઔદ્યોગિક નગરી તરીકે જગતભરમાં વિખ્યાત થયો છે ત્યારે બે જવાબદારોના પાપે ઔદ્યોગિક અકસ્માતોની વણજારથી જિલ્લો બદનામ પણ થઈ રહ્યો છે. કેમિકલ પ્રોસેસ દરમિયાન કે નાના મોટા ટેક્નિકલ ફોલ્ટના કારણે ઉદ્યોગોમાં અકસ્માત થતા હોય ત્યારે કંપનીમાં કામ કરતાં કામદારોના જીવના જોખમ રહેલા હોય છે. વાગરા તાલુકાના દહેજ સેઝ-૨ વિસ્તારમાં આવેલ કેમલીન ફાઈન સાયન્સ નામની કંપનીમાં ગતરોજ બપોર બાદ પ્રોસેસ પ્લાન્ટમાં અચાનક મોટા ધડાકાનો અવાજ સાથે આકાશમાં કાળા ડીમમળ ધુમાડાના ગોટેગોટા નીકળ્યા હતા. ધડાકાના અવાજ સાથે જ કંપનીમાં કામ કરતાં કામદારો અને આસપાસની કંપનીના કામદારો સતર્ક બની પ્લાન્ટમાંથી પોતાનો જીવ બચાવવા બહાર નીકળી આવ્યા હતાં. લાગેલ આગની જાણ થતાં ફાયર ફાઈટરોએ સ્થળ પર દોડી આવી મહામહેનતે આગ પર કાબુ મેળવ્યો હતો. ત્યારે સદનસીબે આ લખાય છે ત્યાં સુધી કોઈ જાનહાની થઈ હોય તેમ જાણવા મળ્યું નથી. કંપનીમાં લાગેલ આગના ધુમાડા ૨૦૦ મીટર આકાશ તરફ ઉડતાં નજરે પડતા આસપાસના ગામના રહીશોમાં એક સમયે ગભરાટ ફેલાયો હતો. જી.પી.સી.બી., ફાયર સેફટી ડિપાર્ટમેન્ટની ટિમ ઘટના સ્થળે પહોંચી ઘટના અંગેનો ત્યાગ મેળવવાની કોશિશ કરી હતી. જેમાં ઈન્ડસ્ટ્રીયલ ફાયર એન્ડ સેફટીના અધિકારીએ જણાવ્યું હતુ કે પ્રાથમિક તબક્કે ઈન્સ્યુલેશનમાં તકલીફ ઊભી થતાં કંપનીમાં અકસ્માત થયો હતો.

## અંકલેશ્વરની કંપનીમાં અગમ્ય કારણોસર કામદારનું મોત

અંકલેશ્વર તા.૩૦

અંકલેશ્વર જી.આઈ.સી.સી. માં આવેલ લાયકા લેબ્સ કંપનીમાં અગમ્ય કારણોસર કામદારનું મોત નીપજ્યુ હતુ.અંકલેશ્વરના અંદાડા ગામની સિદ્ધેશ્વરી સોસાયટીમાં રહેતા અરવિંદ કૃષ્ણા સિંગ અંકલેશ્વર જી.આઈ.સી.સી.માં આવેલ લાયકા લેબ્સ કંપનીમાં નોકરી કરતા હતા જેઓ ગત તા.૨૮મી ઓગસ્ટના રોજ નાઈટ શિફ્ટમાં ગયા હતા તે દરમિયાન પુત્રએ પિતાને ફોન કરતા તેઓનો અવાજ આવતો ન હોય જેથી પુત્ર રાહુલ સિંગ કંપની પર જઈ જોતા તેના પિતાને ગેટ બહાર કંપનીના માણસો લઈને બેઠા હતા. જેઓને ખાનગી વાહનમાં તાત્કાલિક સારવાર માટે અંકલેશ્વરની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાજર તબીબે તેઓને તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે જી.આઈ.ડી.સી.પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## અંકલેશ્વરના ઉછાલી ગામે મંદિરના મહંતની હત્યા કરનાર આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા.૩૦

અંકલેશ્વર-ઝઘડિયા માર્ગ ઉપર ઉછાલી પાસે નર્મદા કુટીરમાં રહેતા મહંતનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવવાના મામલામાં પોલીસે હત્યારાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.અંકલેશ્વર-ઝઘડિયા માર્ગ ઉપર ઉછાલી પાસે નર્મદા કુટીરમાં રહેતા મહંત મંગળદાસ ભયજી વસાવાનો ગત તા.૨૫મી ઓગસ્ટના રોજ લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. બનાવ અંગેની જાણ મહંતના પુત્ર નટવર વસાવાએ અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે કરતા પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને અકસ્માત મોત અંગેનો ગુનો નોંધવામાં આવ્યો હતો .જો કે પોલીસે ડોકટરની પેનલ મારફતે પોસ્ટ મોર્ટમ કરાવ્યુ હતુ જેમાં માથાના ભાગે કોઈ બોથડ પદાર્થના ઘા થી ઈજા પહોંચી હોવાનુ માલુમ પડ્યુ હતું.આ મામલામાં તાલુકા પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી જેમાં પોલીસને સફળતા મળી હતી.પોલીસે ઝઘડીયા તાલુકાના રાજપારડી ખાતે રહેતા એક ઈસમની ધરપકડ કરી હતી. ઝડપાયેલ ઈસમ વિષ્ણુ વસાવા અવારનવાર મંદિરે જતો હતો દરમ્યાન મૃતક મહંત સાથે તેમની બોલાચાલી થઈ હતી.જે બાબતની રીસ રાખી વિષ્ણુ વસાવાએ મહંતને માથાના ભાગે બોથડ પદાર્થ મારી તેમની હત્યા કરી દીધી હતી.

# અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં પશુ રઝળતા મુકનાર પશુપાલકો સામે કાર્યવાહી કરાશે

અંકલેશ્વર તા.૩૦

અંકલેશ્વરમાં તંત્રે કડક વલણ અપનાવતા રખડતા ઢોરોને ઝડપી પાંજરે પુરવાની કવાયત હાથ ધરી હતી,તેમજ પશુ માલિકો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરી હતી.અંકલેશ્વર નગરપાલિકા દ્વારા છેલ્લા બે દિવસ દરમ્યાન ૧૧ જેટલા રખડતા ઢોરો ને પાંજરે પૂરવાની કામગીરી હાથ ધરી હતી.તેમજ ત્રણ હજાર જેટલો દંડ વસૂલ કર્યો હતો. તો બીજી તરફ અંકલેશ્વર નોટીફાઈડ એરિયા ઓર્થોરિટી દ્વારા પણ રહેણાંક વિસ્તારમાં મુખ્ય માર્ગ પર અડિંગો જમાવીને બેઠેલા રખડતા ઢોરો ને ઝડપી પાડવાની કામગીરી હાથ ધરી હતી. આ માટે નોટીફાઈડ એરિયા ઓર્થોરિટીએ તાત્કાલિક ધોરણે ઢોર પકડવાના ખાનગી એજન્સીને રોકી હતી તેમજ પશુ માલિકો જોગ જાહેર ચેતવણી જારી કરી કસૂરવાર લોકો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી તાકીદ કરી હતી. તો વિવિધ સોસાયટીમાં ઢોરો માટે મુકવામાં આવેલ પાણીના ઓવારા પણ હટાવી લેવાની શરૂઆત કરી હતી.અંકલેશ્વર જી.આઈ.ડી.સી.ના રહેણાંક વિસ્તારોના માર્ગો ઉપર અડીંગો જમાવી અકસ્માત નોતરે તે રીતે માર્ગ ઉપર રખડતા પશુઓને પકડવા માટે નોટિફાઈડ ઓથોરીટી અને ઉદ્યોગ મંડળ દ્વારા આ અંગે ભરૂચ નગર પાલિકાની પશુ પકડતી એજન્સીનો સંપર્ક કરવામાં આવ્યો હતો




**જાહેર નિવિદા નં. ૧૪/૨૦૨૨–૨૩:**

કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત મા.મ. વિભાગ, જિલ્લા પંચાયત, વડોદરા (ફોનનં.૦૨૬૫–૨૪૩૨૬૪૩) ધ્વારા રસ્તા તથા બ્રીજના કામે ઓન લાઈન ટેન્ડર ગુજરાત સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવનાર માન્ય ઇજારદારશ્રીઓ પાસેથી માંગવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો માટે ઉપર જણાવેલ ઓફીસનો સંપર્ક સાધવો તેમજ ટેન્ડર ઓન લાઈન https://nprocure.com વેબસાઈટ ઉપર ભરવાના રહેશે તેમજ ટેન્ડર નોટીસ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે. કામ અંગેના સુધારા વધારા ઓન લાઈન જોવા મળશે.

| અ ન | કામનું નામ | | |
|---|---|---|---|
| | | ૧.<br>૨.<br>૩.<br>૪. | અંદાજીત રકમ<br>બાનાની રકમ<br>ટેન્ડર ફી<br>વર્ગ |
| ૧ | વર્ક ઓફ કંન્સ્ટ્રકટીગ, વાઈડનીગ, સ્ટ્રેન્થનીગ એન્ડ રીસરફેશીગ વેરીયસ ઈમપોટન્ટ રોડ્સ એસ એન્ડ વેન રીકવાયર્ડ ઓફ ઈન ઈમરજન્સી અન્ડર વડોદરા (પંચાયત) એન્યુઅલ,બેઝીસ | ૧.<br>૨.<br>૩.<br>૪. | રૂ/. ૪૯૩૫.૨૬લાખ<br>રૂ/. ૪૯.૩૫ લાખ<br>રૂ/. ૧૮૦૦૦/–<br>એએ– વર્ગ તથા ખાસ કક્ષા –૧(રોડ) |
| ૨ | કંન્સ્ટ્રકટીગ વર્ક ન્યુ ક્રોસ ડ્રેનેજ,રીપેરીગ ઓફ ક્રોસ ડ્રેનેજ,સ્ટ્રકચર એન્ડ બ્રીજ રીપેર વર્ક એન્ડ અધર મીસે.વર્ક ઓન વેરીયસ રોડ્સ એસ એન્ડ વેન રીકવાયર્ડ ઓર ઈન ઈમરજન્સી અન્ડર વડોદરા (પંચાયત) એન્યુઅલ,બેઝીસ | ૧.<br>૨.<br>૩.<br>૪. | રૂ/. ૨૪૬૦.૦૫લાખ<br>રૂ/. ૨૪.૬૦ લાખ<br>રૂ/. ૧૮૦૦૦/–<br>એએ– વર્ગ તથા ખાસ કક્ષા –૧ (બ્રીજ) |

પ્રિબીડ મીટીગ તા.૧૩/૦૯/૨૦૨૨ ના રોજ ૧૨.૩૦ કલાકે અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી પંચાયત મા.મ.વર્તુળ, ત્રીજો માળ, સી બ્લોક, નર્મદા ભુવન, જેલ રોડ, વડોદરા ખાતે રહેશે.

ઓન લાઈન ટેન્ડર ભરવાની અંતિમ તારીખ :–૨૦/૦૯/૨૦૨૨

ટેન્ડર ખોલવાની તારીખ :– ૨૧/૦૯/૨૦૨૨

**(માહિતી/વડો/૭૫૨/૨૨-૨૩)**



**ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ**

પો.: રણોલી-૩૯૧૩૫૦, જીલ્લો : વડોદરા
ફોન નં.: ૦૨૬૫-૨૨૩૨૭૬૮, ફેક્સ નં.: (૦૨૬૫) ૨૨૩૦૦૨૯
ઈ-મેલ : investors@gipcl.com, વેબસાઈટ : www.gipcl.com, CIN : L99999GJ1985PLC007868

**વિડિઓ કોન્ફરન્સ / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ દ્વારા ૩૭મી વાર્ષિક સામાન્ય સભાની, રિમોટ ઈ-વોટિંગની માહિતી અને બૂક બંધ થવાની સુચના**

આથી સુચિત કરવામાં આવે છે કે કંપનીની ૩૭મી વાર્ષિક સામાન્ય સભા (AGM) ગુરૂવાર, તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ ને બપોરે ૩:૩૦ કલાકે (IST), વિડિઓ કોન્ફરન્સ (વીસી) / અન્ય ઓડિઓ વિઝ્યુઅલ માધ્યમ (ઓએવીએમ) દ્વારા યોજવામાં આવશે. જે કોર્પોરેટ કાર્યના મંત્રાલય (MCA) દ્વારા જાહેર કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦, ૨૦/૨૦૨૦, ૦૨/૨૦૨૧, ૧૯/૨૦૨૧, ૨૧/૨૦૨૧ અને ૦૨/૨૦૨૨ તેમજ ભારતીય પ્રતિભૂતિ અને વિનિમય બોર્ડ (SEBI) દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર નં. સેબી/એચઓ/સીએફડી/સીએમડી૧/સીઆઈઆર/પી/૨૦૨૦/૭૯ અને સેબી/એચઓ/સીએફડી/સીએમડી૧/સીઆઈઆર/પી/૨૦૨૧/૧૧ તથા અન્ય લાગુ પડતા કાયદાઓ અને પરિપત્રોનું પાલન કરીને એજીએમની સુચનામાં જણાવેલ વ્યવસાયને બહાલી આપવા યોજાશે.

કંપનીએ ૩૧મી માર્ચ, ૨૦૨૨ ના રોજ પુરા થતા વર્ષના ઓડિટ કરાયેલ નાણાંકીય નિવેદનો સહિત વર્ષ ૨૦૨૧-૨૨ માટેનો વાર્ષિક રીપોર્ટ અને એજીએમ નોટીસ મેળવવા માટેની લિંક જે સભ્યોના ઈ-મેઈલ સરનામાં કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ્સ (આરટીએ) / ડિપોઝિટરી સાથે નોંધાયેલા છે તેઓને તા. ૨૯મી ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ મોકલવામાં આવેલ છે. વાર્ષિક સામાન્ય સભાની સુચના તેમજ વાર્ષિક અહેવાલની છાપેલી નકલ કંપનીના કોઈપણ સભ્યોને મોકલવામાં આવશે નહીં. કંપનીના તમામ સભ્યો વીસી / ઓએવીએમ દ્વારા ૩૭મી વાર્ષિક સામાન્ય સભામાં જોડાઈ અને ભાગ લઈ શકે છે. વીસી /ઓએવીએમ દ્વારા વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહેલા સભ્યોની ગણતરી કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૩ ની જોગવાઈઓ હેઠળ કોરમની ગણતરીના હેતુ માટે કરવામાં આવશે.

**શેર ટ્રાન્સફર બુક બંધ થવાની સૂચના :**
કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૯૧ અને સેબી (એલ.ઓ.ડી.આર.) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૨ અને ૪૭ ના અનુસંધાનમાં, કંપનીના સભાસદોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક શુક્રવાર, તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ થી ગુરૂવાર, તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ (બન્ને દિવસો સહીત) સુધી ૩૭મી વાર્ષિક સામાન્ય સભા જાહેર થવા પર ડિવિડન્ડની ચુકવણી માટેનો હક્ક નક્કી કરવા અને ૩૭મી વાર્ષિક સામાન્ય સભાના હેતુ માટે બંધ રહેશે.

**૩૭મી એજીએમમાં જોડાવા અને એજીએમ દરમિયાન ઈ-વોટિંગમાં ભાગ લેવા માટેની સૂચનાઓ :**

૧. ૩૭મી વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં જણાવેલ સાધારણ અને ખાસ કામકાજને બહાલી આપવા કંપનીના સભાસદો, જેઓ કટ-ઓફ ડેટ પ્રમાણે એટલે કે ગુરૂવાર, તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સભાસદ તરીકે રજીસ્ટર્ડ હશે તેઓ સભાના સમયે ઈ-વોટીંગ અથવા તેના રિમોટ ઈ-વોટીંગ મારફતે પોતાનો મત આપી શકે છે.
૨. કંપનીએ તેના સભ્યોને રિમોટ ઈ-વોટિંગ તેમજ સભા દરમ્યાન ઈ-વોટિંગ સુવિધા પ્રદાન કરવા સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) ની નિમણુંક કરેલ છે.
૩. રિમોટ ઈ-વોટિંગ સોમવાર, તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ ને સવારે ૦૯:૦૦ કલાકે (IST) થી શરૂ થઈ બુધવાર, તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ સાંજે ૦૫:૦૦ કલાક (IST) સુધી રહેશે. રિમોટ ઈ-વોટિંગની સુવિધા બુધવાર, તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ સાંજે ૦૫:૦૦ કલાકે સીડીએસએલ દ્વારા બંધ કરી દેવામાં આવશે.
૪. ગુરૂવાર, તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ (કટ-ઓફ ડેટ) ના રોજ જેઓ સભાસદ તરીકે રજીસ્ટર્ડ હશે તેઓ જ મત આપવા માટે હકદાર રહેશે.
૫. ૩૭મી વાર્ષિક સભા માટેની નોટીસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ **www.gipcl.com**, સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ **www.bseindia.com** અને **www.nseindia.com** અને સીડીએસએલની વેબસાઈટ **www.evotingindia.com** પર પણ ઉપલબ્ધ છે.
૬. જે સભ્યો ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં શેર ધરાવતા હોય અને જે સભ્યો એ પોતાના ઇ-મેઇલ આઇડી, ટપાલનું સરનામું, ટેલિફોન/મોબાઈલ નંબર, પરમેનન્ટ એકાઉન્ટ નંબર, બેન્ક ખાતાની વિગતો અને નામાંકન નોંધાયેલા નથી અથવા અપડેટ કરવા ઇચ્છતા હોય તેઓએ તેમના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સાથે ઉપરોક્ત વિગતો નોંધાવવા / સંલગ્ન કરાવવા વિનંતી અને ફિઝિકલ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો, કંપની અથવા કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ **(RTA)** એટલે કે લિંક ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, વડોદરાને જરૂરી દસ્તાવેજો સાથે વ્યવસ્થિત હસ્તાક્ષરિત લાગુ પડતા ઇન્વેસ્ટર સર્વિસ રિકવેસ્ટ ફોર્મ જમા કરવા વિનંતી કરવામાં આવે છે. ઉપરોક્ત ઇન્વેસ્ટર સર્વિસ રિકવેસ્ટ ફોર્મ કંપનીની વેબસાઈટ **www.gipcl.com** પર અને RTAની વેબસાઈટ **https;//www.linkintime.co.in** પર ઉપલબ્ધ છે.
૭. ઈલેક્ટ્રોનિક માધ્યમથી ઈ-વોટિંગ માટેની સુવિધા સાથે જોડાયેલી તમામ ફરિયાદોના નિવારણ માટે સભાસદો શ્રી રાકેશ દલવી, મેનેજર, સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) એ વિંગ, ૨૫મો માળ, મેરેથોન ફ્યુચરેક્સ, મફતલાલ મિલ કમ્પાઉન્ડસ્, એન.એમ. જોષી માર્ગ, લોઅર પરેલ (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૧૩ નો સંપર્ક કરી શકે છે અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેઈલ મોકલી શકે છે અથવા ૧૮૦૦૨૨૪૪૩૦ પર ટેલીફોન દ્વારા સંપર્ક કરી શકે છે.

**ડિવિડન્ડ પર કર કપાત (ટીડીએસ) :**
૧. નાણાં અધિનિયમ, ૨૦૨૦ દ્વારા સુધારેલ આવકવેરા કાયદા, ૧૯૬૧ ની શરતોમાં, ડિવિડન્ડ આવક શેરધારકોના હાથમાં તા. ૦૧ એપ્રિલ, ૨૦૨૦ થી કરપાત્ર રહેશે અને કંપનીએ શેરહોલ્ડરોને ડિવિડન્ડની ચુકવણી નિર્ધારિત દરે ટેક્સ ની કપાત કર્યા બાદ કરવાની રહેશે.
૨. આવકવેરો ભરવાપાત્ર ન હોય તેવા સભ્યોએ, **https://www.linkintime.co.in/formsreg/submission-of-form-15g-15h.html** ની લિંક પર સંબંધિત દસ્તાવેજો સાથે આ અંગેની જાણ તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ અથવા એ પહેલા કરવાની રહેશે. સભાસદો એજીએમ, બુક બંધ, ઈ-વોટિંગ અને ડિવિડન્ડ પર કરકપાત અંગેની વિગતવાર સુચના માટે એજીએમની નોટીસ ધ્યાને લઈ શકે છે.

**ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ**
**સહી/-**
**સ્થળ : વડોદરા** **શાલિન પટેલ**
**તારીખ : ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૨** **કંપની સેક્રેટરી એન્ડ કોમ્પ્લાયન્સ ઓફીસર**



**વેલ્ટરમેન ઈન્ટરનેશનલ લિમિટેડ**

સી.આઈ.એન: L51100GJ1992PLC017613
રજીસ્ટર્ડ ઓફિસ અને ફેકટરી: પ્લોટ નં. ૧૧૩૫, લામડાપુરા રોડ, મંજુસર પાસે, મુ.પો. લામડાપુરા, લામડાપુરા રોડ, તા.: સાવલી, જિ.: વડોદરા-૩૯૧ ૭૭૫.
ફોન: ૦૨૬૫-૨૩૧૦૨૫૦/૦૨૬૬૭-૨૬૨૨૦૧
ઈ–મેલ: companysecretary.wil@gmail.com
વેબસાઈટ: www.welterman.com

**નોટિસ**
**વિડિઓ કોન્ફરન્સિંગ (વીસી) / અન્ય ઓડિયો વીઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા આયોજિત ૩૦મી વાર્ષિક સાધારણ સભા**

કંપનીના શેરહોલ્ડરોએ નોંધ લેવી કે ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલય (એમસીએ)અને સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) દ્વારા એપ્રિલ અને મે ૨૦૨૦ અને જાન્યુઆરી ૨૦૨૧, જારી સામાન્ય પરિપત્ર નંબરો ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦, ૨૦/૨૦૨૦ અને ૦૨/૨૦૨૧ અને અન્ય લાગુ પડતા બધાજ કાયદા અને પરિપત્રોના અનુપાલન સ્વરૂપ, કંપનીની ૩૦મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) મિટિંગની નોટિસમાં દર્શાવેલ કામકાજ કરવા માટે સોમવારે, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ ભારતીય સમય અનુસાર સવારે ૧૧:૦૦ વાગ્યાથી વિડિઓ કોન્ફરન્સિંગ (વીસી) / અન્ય ઓડિયો વીઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા યોજાશે.

ઉપરોક્ત પરિપત્રો અંતર્ગત એજીએમની નોટિસની ઇલેક્ટ્રોનિક કોપીઓ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૨, કંપની / ડિપોઝિટરી સહભાગી(ઓ) પાસે જેમનાં ઈમેઇલ સરનામાં નોંધાયેલાં છે તે બધા શેરહોલ્ડરોને મોકલવામાં આવશે. ડીમટીરિયલાઈઝડ માધ્યમમાં શેરો ધરાવતા શેરહોલ્ડરો અને જેમનાં ઈમેઈલ સરનામાંની નોંધણી થઇ નથી તેમને તેમનાં ઈમેઈલ સરનામાં અને મોબાઈલ નંબરો તેમની ડિપોઝિટરી સહભાગીઓ દ્વારા તેમની સંબંધિત ડિપોઝિટરીઓ પાસે નોંધવા ની વિનંતી છે. ભૌતિક સ્વરૂપમાં શેરો ધરાવતા શેરહોલ્ડરોને તેમના હોલ્ડિંગ્સ ડિમેટ કરવાની/તેમના ઈમેઈલ સરનામાં અને મોબાઈલ નંબરો vadodara@linkintime.co.in લિંક્ ઇનટાઇમ ઇનડિયા પ્રા. લિ. રજિસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ ને આપવાની વિનંતી છે. ૩૦મી એજીએમની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૨, કંપનીની વેબસાઈટ www.welterman.com પર, શેરબજારોની વેબસાઈટ www.bseindia.com અને આરટીએની વેબસાઈટ www.linkintime.co.in. પર પણ ઉપલબ્ધ કરાશે.

શેરહોલ્ડરોને ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા એજીએમની નોટિસમાં આપ્યા મુજબ કામકાજ પર દૂરથી અથવા એજીએમ દરમ્યાન તેમના મત આપવાની તક મળશે. ડીમટીરિયલાઈઝડ માધ્યમ, ભૌતિક સ્વરૂપ માં શેરો ધરાવતા શેરહોલ્ડરો અને જેમનાં ઈમેઈલ સરનામાં નોંધાયાં નથી તેવા શેરહોલ્ડરો માટે દૂરથી અથવા એજીએમ દરમ્યાન મતદાન આપવાની પદ્ધતિ શેરહોલ્ડરો માટેની નોટિસમાં આપવામાં આવશે. વિગતો કંપની ની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ કરાશે. શેરહોલ્ડરોને આવી વિગતો પ્રાપ્ત કરવા માટે www.welterman.com ની મુલાકાત લેવા વિનંતી છે.

**શેરહોલ્ડરો કૃપા કરીને નોંધ લે કે ઉપરોક્ત ઉલ્લેખિત પરિપત્રોને ધ્યાનમાં લેતા કંપની, એજીએમની નોટિસની અને શેરહોલ્ડરોના વાર્ષિક અહેવાલની નકલો ભૌતિક સ્વરૂપમાં નહીં મોકલે.**

**વેલ્ટરમેન ઈન્ટરનેશનલ લિમિટેડ** વતી
સહી/-
**સ્થળ:** વડોદરા **નિખિલ ગોસ્વામી**
**તારીખ:** ૩૦.૦૮.૨૦૨૨ **કંપની સેક્રેટરી**



**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**પાણી અંગેની અગત્યની જાહેરાત**

આથી,જાહેર જનતાને જણાવવાનું કે, વડોદરા મહાનગરપાલિકાની પાણી પુરવઠા શાખા હસ્તકના રાયકા-દોડકા ફ્રેન્ચવેલ ખાતે મહીસાગર નદીમાં નવીન આવક થયેલ હોય રાયકા-દોડકા ફ્રેન્ચવેલ નજીક સીલટીન્ગ થવાના કારણે પાણીની આવકમાં ઘટાડો થયેલ છે. જે અંગેની કામગીરી પાણી પુરવઠા શાખા દ્વારા હાથ ધરેલ છે. જેથી રાયકા-દોડકા સ્ત્રોત પરથી પાણી મેળવતી પૂર્વ વિસ્તારની ટાકીઓ/બૂસ્ટીંગ સ્ટેશન જેમકે નોર્થ હરણી ટાંકી, વારસિયા બૂસ્ટીંગ સ્ટેશન, એરપોર્ટ બૂસ્ટીંગ સ્ટેશન, ખોડીયારનગર બૂસ્ટીંગ સ્ટેશન, આજવા ટાંકી, પાણીગેટ ટાંકી તેમજ ઉત્તર વિસ્તારની સમા ટાંકી, કારેલીબાગ ટાંકી, જેલ ટાંકી, સયાજીબાગ ટાંકી અને નવી ધરતી બુસ્ટર ખાતેથી પાણી વિતરણ હળવા દબાણથી વિલંબથી અને ઓછા સમય માટે કરવામાં આવશે. જેની આ વિસ્તારના નાગરીકોને જાણ થવા તથા પાણી કરકસર કરી ઉપયોગમા લેવા તેમજ સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ.નં. **૫૨૫/** ૨૦૨૨-૨૩ કાર્યપાલક ઇજનેર (પાણી પુરવઠા)



**Bandhan Bank** | રીજનલ ઑફિસ: નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોન: ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

**ભૌતિક કબજા અંગેની નોટિસ**

ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો ભૌતિક કબજો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | ભૌતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી અમિત કાલિદાસ માછી<br>શ્રી કાલીદાસ ભીખાભાઈ માછી<br>શ્રીમતી ચંદ્રિકાબેન કાલીદાસ માછી<br>શ્રી પ્રેમ કાલિદાસ માછી<br>૩૧૬/૧૦૭૭ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે આર.એસ. નંબર ૨૪૮ પૈકી ૧/પૈકી ૨, પ્લોટ નંબર ૩૨, આગન ટેનામેન્ટ, શિવમ હોટેલ પાછળ, આજવા–નિમેથા રોડ, મોરલીપુરા, વડોદરા–૩૯૦૦૧૯ સ્થિત છે અને જે આવરિત છે:<br>ઉત્તર: પ્લોટ નં. ૨૪, પૂર્વ: પ્લોટ નં. ૩૩, પશ્ચિમ: પ્લોટ નં. ૩૧, દક્ષિણ: જોડાયેલ રોડ | ૩૦.૧૧.૨૦૨૧ | ૨૮.૦૮.૨૦૨૨ | રૂ.૯,૪૬,૫૬૩/– |

**સ્થળ:** વડોદરા **અધિકૃત અધિકારી**
**તારીખ:** ૩૧/૦૮/૨૦૨૨ **બંધન બેંક લિમિટેડ**